GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ અંક : ૫ * * * સંવત ૨૦૮૨ આસો સુદ બીજ, સોમવાર ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# આંદોલન ઉગ્ર બનાવવાની CJPની પ્રતિજ્ઞા

**જંતર** મંતર ખાતેનું વિરોધ પ્રદર્શન નિષ્ફળ બનાવાયાના બીજા દિવસે દિલ્હીમાં વિવિધ સ્થળે સીજેપીના દેખાવો

**બીજા** દિવસના વિરોધ પ્રદર્શનમાં ૨૦૦ની અટકાયત : સાથે ડાબેરીઓ અને કેટલાક વિદ્યાર્થી સંગઠનો પણ જોડાયા

**રવિવારે** દિલ્હીના તમામ મેટ્રો સ્ટેશનો ખુલ્લા રહ્યા, કોઇ ટ્રાફિક નિયંત્રણો નહીં, જો કે મહત્વના માર્ગો પર બેરિકેડો ગોઠવાયા

**નવી દિલ્હી, ૧૧(પીટીઆઈ):** કૉકરોચ જનતા પાર્ટી(CJP) એ રવિવારે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમાર સામે પોતાના આંદોલનને વધુ તીવ્ર બનાવવાનો સંકલ્પ કર્યો હતો. આ દરમિયાન, નવી દિલ્હી વિસ્તારમાં સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શન યોજાતા આશરે ૨૦૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

એક પત્રકાર પરિષદમાં, સીજેપી નેતા સૌરવ દાસે આક્ષેપ કર્યો હતો કે સરકારે રાજ્યતંત્રને તેના પોતાના નાગરિકો સામે જ ઊભું કરી દીધું છે. તેમણે કહ્યું કે નિર્ધારિત સ્થળે પ્રદર્શન કરવા ઈચ્છતા પ્રદર્શનકારીઓને રોકવાને બદલે અધિકારીઓ વાતચીત માટે એક પ્રતિનિધિમંડળને આમંત્રિત કરી શક્યા હોત. તેમણે દાવો કર્યો હતો કે દિલ્હી પોલીસના અધિકારીઓએ તેમની અટકાયત દરમિયાન કોઈપણ પ્રકારનો સીઝર મેમો આપ્યા વગર તેમના ફોન લઈ લીધા હતા, જેનાથી એવી આશંકા ઉભી થાય છે કે ડિવાઈસ હેક અથવા ક્લોન કરવામાં આવ્યા હોઈ શકે છે. પત્રકાર પરિષદ દરમિયાન તેમણે કહ્યું, "અમને આશંકા છે કે, ભૂતકાળમાં કાર્યકરોના કિસ્સાઓમાં જે આક્ષેપો થયા છે તેમ, અમારા ફોન હેક અથવા ક્લોન કરીને તેમાં એવા દસ્તાવેજો કે અન્ય સામગ્રી મૂકવામાં આવી શકે છે જેનો પાછળથી અમારી વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગ થઈ શકે." તેમણે જણાવ્યું કે CJPનું આંદોલન ચાલુ છે અને ઉમેર્યું કે વિરોધ પ્રદર્શન માત્ર દિલ્હીમાં જ નહીં પણ દેશભરમાં થશે.

રવિવારે, તમામ મેટ્રો સ્ટેશનો ખુલ્લા રહ્યા હતા, જ્યારે લ્યુટિયન્સ દિલ્હીમાં કોઈ મોટા ટ્રાફિક પ્રતિબંધો લાદવામાં આવ્યા ન હતા. જોકે, આ વિસ્તાર તરફ જતા મુખ્ય રસ્તાઓ પર કડક બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે મતદાર યાદીઓના વિશેષ ગહન સુધારણા (SIR)માં કથિત અનિયમિતતાઓ અંગે CEC વિરુદ્ધ શનિવારે CJP ના વિરોધ પ્રદર્શનના સંબંધમાં દિલ્હી પોલીસે ૨૦ એફઆઈઆર નોંધાવી છે. FIRમાં

...અનુસંધાન પાના 2 પર ➲





## મેં ફરીથી વિરોધ ન કરવા અંગે કોઈ બોન્ડ પર સહી કરી નથી : અભિજિત દીપકે

નાગપુર, તા. 11 (પીટીઆઇ): કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજિત દીપકેએ રવિવારે જણાવ્યું હતું કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ માટે તેઓ અને અન્ય સીજેપી નેતાઓ ફરીથી વિરોધ પ્રદર્શન નહીં કરે તેવું દર્શાવતા કોઈપણ બોન્ડ પર તેમણે સહી કરી નથી. નાગપુર એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતાં દીપકેએ મહારાષ્ટ્રના હિંગોલી ખાતે તેમની દાદીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે રવાના થતા પહેલા જણાવ્યું હતું કે, "અમે ફરીથી રસ્તા પર ઊતરીશું. અમે વડા પ્રધાન મોદી

...અનુસંધાન પાના 2 પર ➲

## મને અટકાયતમાં લેવાયો ન હતો, મારું અપહરણ કરાયું હતું : ધ્રુવ રાઠી

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઇ): યુટ્યુબર ધ્રુવ રાઠીએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે 10 ઓક્ટોબરે દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આયોજિત વિરોધ પ્રદર્શન પહેલા સાદા વસ્ત્રો પહેરેલા લોકો દ્વારા તેનું તેના નિવાસસ્થાનેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં લઈ જવામાં આવ્યો હતો. એક્સ પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં રાઠીએ જણાવ્યું હતું કે, શનિવારે સવારે લગભગ 7 વાગ્યે જ્યારે તે ઊંઘી રહ્યો હતો ત્યારે સાદા વસ્ત્રોમાં લગભગ 20 લોકો તેના ઘરમાં ઘૂસી આવ્યા હતા. રાઠીએ દાવો કર્યો હતો કે તેઓ કોણ છે તે પૂછે તે પહેલાં જ તેઓ તેને સાથે લઈ ગયા હતા. રાઠીએ જણાવ્યું

...અનુસંધાન પાના 2 પર ➲

## ભગવાધારી જૂથોએ દિલ્હીમાં બીજા દિવસે પણ પ્રદર્શનકારીઓને ધમકાવ્યા

નવી દિલ્હી, તા. 11 (PTI): મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓ પર ભગવાધારી જૂથો દ્વારા હુમલો કરવામાં આવ્યાના એક દિવસ પછી રવિવારે દિલ્હીના મધ્ય વિસ્તારમાં લાકડીઓ લઈને ફરતા પુરુષો ફરીથી પ્રદર્શનકારીઓને ધમકાવતા જોવા મળ્યા હતા. જોકે, શનિવારની હિંસાના સંબંધમાં ચાર શંકાસ્પદ હુમલાખોરોની ધરપકડ કરવામાં આવી છે. શનિવારે ભગવા ગમછા પહેરેલા અને ધાર્મિક નારા લગાવતાં પુરુષોના જૂથો વિરોધ પ્રદર્શનવાળા વિસ્તારોમાં ફરતાં,

...અનુસંધાન પાના 2 પર ➲

## વિરોધ પ્રદર્શનનું કવરેજ કરતા જર્નલિસ્ટ્સની અટકાયતની પત્રકાર સંસ્થાઓએ ટીકા કરી

નવી દિલ્હી, તા. 11 (PTI): પ્રેસ ક્લબ ઓફ ઇન્ડિયા (પીસીઆઇ) અને ઇન્ડિયન વુમન્સ પ્રેસ કોર્પ્સ (આઇડબ્લ્યુપીસી) સહિત ચાર પત્રકાર સંસ્થાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનનું કવરેજ કરી રહેલા કેટલાક પત્રકારોની અટકાયત અને હેરાનગતિની ટીકા કરી છે. શનિવારે બહાર પાડવામાં આવેલા એક સંયુક્ત નિવેદનમાં આ સંસ્થાઓએ રેખાંકિત કર્યું હતું કે, પત્રકારોએ પોતાના પ્રેસ ઓળખપત્રો દર્શાવ્યા હોવા છતાં પોલીસે કેટલાંક પત્રકારોની અટકાયત કરી હતી અને કેટલાક

...અનુસંધાન પાના 2 પર ➲

## શાંતિપૂર્ણ દેખાવકારોની ગેરકાયદે અટકાયત નહીં : સુપ્રીમ

**કાયદો** અને વ્યવસ્થાની સ્થિતિને આધીન મેટ્રો-ઇન્ટરનેટ સેવાઓ પૂર્વવત કરવા સુપ્રીમનો આદેશ

**સુપ્રીમે** કેન્દ્રીય ગૃહ સચિવ, દિલ્હી પોલીસ કમિશનર અને દિલ્હી મેટ્રોને નોટિસ પણ જારી કરી

નવી દિલ્હી, તા. ૧૧(PTI): દિલ્હીમાં CJP દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન વચ્ચે, રવિવારે સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ રીતે એકઠા થતા લોકોની ગેરકાયદેસર અટકાયત ન કરવી જોઈએ. કોર્ટે કેન્દ્ર સરકારને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને આધીન રહીને દિલ્હી મેટ્રો સામાન્ય રીતે કાર્યરત રહે તથા ઇન્ટરનેટ સેવાઓમાં કોઈ ખલેલ ન પહોંચે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. એક વિશેષ બેઠકમાં, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચે કેન્દ્રને નોટિસ પણ પાઠવી હતી.

...અનુસંધાન પાના 2 પર ➲

## CJP નેતાઓ દીપ્કે, રાંકા, દાસની એક વર્ષ શાંતિ જાળવવાની શરતે મુક્તિ

**જજે** એક વર્ષ શાંતિ ભંગ ન કરવાની શરતે મુક્તિ આપી, સીજેપીએ કાનૂની જીત ગણાવી

**સીજેપી** કહે છે કે શાંતિનો ભંગ તો મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમારે કર્યો છે

નવી દિલ્હી, ૧૧ ઓક્ટોબર (PTI): જંતર મંતર પર વિરોધ પ્રદર્શન પહેલાં દિલ્હી એરપોર્ટ પર અટકાયત કર્યા બાદ નિવારક અટકાયત હેઠળ રાખવામાં આવેલા 'કોકરોચ જનતા પાર્ટી'(CJP)ના નેતાઓ અભિજીત દીપ્કે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને રવિવારે સવારે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા બાદ મુક્ત કરવામાં આવ્યા છે. CJPના કાનૂની બાબતોના પ્રમુખ રત્ના સિંહના જણાવ્યા અનુસાર, તેમને એક વર્ષ સુધી ''શાંતિ ભંગ ન કરવાની'' શરત પર મુક્ત કરવામાં

...અનુસંધાન પાના 2 પર ➲

## ખડગે, રાહુલ 'વોટ ચોરી' મુદ્દે આજે સીજેઆઈને મળશે

નવી દિલ્હી, તા. 11 (PTI): કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, તેઓ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વોટ ચોરી મુદ્દે મુખ્ય ન્યાયાધીશનો હસ્તક્ષેપ કરવાની માંગ સાથે સોમવારે બપોરે 4થી 5 વાગ્યાની વચ્ચે ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સાથે મુલાકાત નિર્ધારિત કરી છે. બેંગલુરુમાં બોલતાં ખડગેએ એમ પણ કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે સમગ્ર દેશમાં અરાજકતા સર્જી છે અને શનિવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરતા વિરોધ પ્રદર્શનો વચ્ચે ભારે પોલીસ તૈનાતી અને અટકાયતો યુવા આંદોલન પ્રત્યે સરકારનો ડર દર્શાવે છે. ખડગેએ સીજેઆઈ સૂર્યકાંત સાથેની મુલાકાત વિશે કહ્યું, ''અમે 4થી 5 વાગ્યા વચ્ચેનો સમય માંગ્યો છે. અમે તેમને માહિતગાર પણ કરીશું. કારણ કે, અમે માંગણી કરી શકીએ નહીં. માત્ર હાથ જોડીને જ અમે તેમને વિનંતી કરી શકીએ છીએ.'' ખડગેએ જણાવ્યું, ''અમે હાથ જોડીને તેમને સ્થિતિથી માહિતગાર કરીશું. ગૃહમંત્રી અને વડા પ્રધાન દ્વારા દેશમાં અરાજકતા ઊભી કરવામાં આવી રહી છે અને દરેક જગ્યાએ અઘોષિત કટોકટી લાદવામાં આવી છે.'' કોંગ્રેસ પ્રમુખે ઉમેર્યું કે, તેમણે અને રાહુલ ગાંધી બંનેએ સીજેઆઈને પત્રો લખ્યા છે. તેમણે એક્સ પર બેંગલુરુમાં મીડિયા સમક્ષ કરેલી તેમની ટિપ્પણીઓનો એક વીડિયો પણ પોસ્ટ કર્યો. તેમણે એક્સ પર લખ્યું, ''કાલે અમે

...અનુસંધાન પાના 2 પર ➲

# યુક્રેનને એક નવા નેતાની જરૂર છે: ટ્રમ્પ

**અમેરિકા-રશિયા** વચ્ચે થયેલા ડીઝલ સોદાની ઝેલેન્સ્કીએ ટીકા કર્યા બાદ અમેરિકી પ્રમુખે કરેલું નિવેદન

**યુક્રેન** અને રશિયા વચ્ચે ઉર્જા યુદ્ધવિરામ થયો હોવાનો પણ ટ્રમ્પનો દાવો

વૉશિંગ્ટન, તા. ૧૧: ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન ડીઝલનો મોટો જથ્થો ખરીદવા માટે વ્લાદિમીર પુતિન સાથે કરાર કર્યાના એક દિવસ પછી કહ્યું છે કે યુક્રેનને "એક નવા નેતા"ની જરૂર છે.

અમેરિકી પ્રમુખે દાવો કર્યો હતો કે વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે પૂરતા પ્રયાસો કર્યા નથી અને અમેરિકામાં ડીઝલના ઊંચા ભાવ માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા. ટ્રમ્પે કહ્યું, "હું સૂચવું છું કે તેઓ એક નવા નેતા લાવે જે સમજૂતી કરી શકે, કારણ કે તેઓ ઘણી સમજૂતીઓ કરી શક્યા હોત પણ કોઈ કારણોસર તેમણે ક્યારેય એવું કર્યું નથી." ટ્રમ્પે આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે રશિયાએ યુક્રેનમાં નાગરિકો પર ઘાતક હુમલા કર્યા હતા, જેને ઝેલેન્સ્કીએ ડીઝલ સોદા બદલ ટ્રમ્પને આપેલો "આભાર" ગણાવ્યો હતો. યુક્રેનના પ્રમુખે શુક્રવારે ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલી આ સમજૂતી પર ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. અમેરિકી પ્રમુખે કહ્યું હતું કે ડીઝલના ભાવ ઘટાડવા માટે આ સોદો જરૂરી હતો. આ સોદો નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં આવ્યો છે, જેમાં ઈંધણના ભાવ મતદારો માટે મુખ્ય મુદ્દો છે. તેમણે કહ્યું હતું કે રશિયા બળતણના વેચાણમાંથી મળેલી રકમનો ઉપયોગ તેના યુદ્ધમાં રોકાણ કરવા માટે કરશે અને "પ્રતિબંધોમાં કોઈ પણ છૂટછાટ" રશિયાના પક્ષમાં જશે, "જેથી તે વધુ લોકોને મારી શકશે અને વધુ સમય સુધી યુદ્ધ ખેંચી શકશે." તેમની આ આગાહી થોડા

...અનુસંધાન પાના 2 પર ➲

## જો રશિયા ૬૦ દિવસનો યુદ્ધવિરામ કરે તો હું યુક્રેનમાં ચૂંટણી યોજવા તૈયાર: ઝેલેન્સ્કી

**યુક્રેનને** નવા પ્રમુખની જરૂર છે એવા ટ્રમ્પના નિવેદન સામે યુક્રેનિયન પ્રમુખનો જવાબ

કિવ, તા. ૧૧: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકાત્મક ટિપ્પણીઓના જવાબમાં પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રવિવારે જણાવ્યું હતું કે, જો રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ૬૦ દિવસના યુદ્ધવિરામ માટે સહમત થાય, તો તેઓ યુક્રેનમાં ચૂંટણીઓ યોજશે.

"મહેરબાની કરીને પુતિનને કહો, અમને બે મહિના એટલે કે ૬૦ દિવસનો સંપૂર્ણ યુદ્ધવિરામ આપે, અને અમે ચૂંટણીઓ યોજીશું," ઝેલેન્સ્કીએ એબીસીના પ્રોગ્રામ "ધીસ વીક" માં કહ્યું હતું. અમેરિકાએ રશિયાને યુક્રેન સામેના યુદ્ધ માટે મળતું ફંડ રોકવાના હેતુથી રશિયન બળતણ પર પ્રતિબંધો લગાવ્યા હતા, જે તેમણે કામચલાઉ ધોરણે હટાવ્યાના એક દિવસ પછી, ઝેલેન્સ્કીએ રશિયન તેલ રિફાઇનરીઓ પર હુમલા કર્યા બદલ શનિવારે ટ્રમ્પે ઝેલેન્સ્કીની ટીકા કરી હતી. વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું, "મને લાગે છે કે યુક્રેનને હવે નવા પ્રમુખ મળવાનો સમય આવી ગયો છે." તેના જવાબમાં ઝેલેન્સ્કીએ કહ્યું કે પોતાના નેતા કોને ચૂંટવા તે "યુક્રેનના લોકોના હાથમાં છે" અને તેમણે નોંધ્યું કે પુતિન પણ યુક્રેનનું નેતૃત્વ બદલવા માંગે છે. તેમણે ઉમેર્યું કે બળતણના વધતા ભાવ માટે યુક્રેન પર દોષનો

...અનુસંધાન પાના 2 પર ➲

# રિયાધ એરપોર્ટ પરના હુમલામાં 12નાં મોત, રવિવારે પણ એરપોર્ટ બંધ

**શંકાસ્પદ** હૂથી દ્વારા થયેલા મિસાઇલ હુમલામાં ઓછામાં ઓછા 11 ભારતીય સહિત કુલ 300 ઘાયલ

**રિયાધ** શહેરમાં એક સપ્તાહ માટે શાળાઓ ઓનલાઇન ચાલશે, ભારત સહિત અનેક દેશોએ હુમલાને વખોડી નાખ્યો



કૈરો, તા. ૧૧(એપી): યમનના હૂતી વિદ્રોહીઓ દ્વારા સમગ્ર દેશમાં નવા હુમલાઓની ધમકીઓ આપ્યા બાદ, સાઉદી અરેબિયાએ રવિવારે પણ તેનું મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથક બંધ રાખ્યું હતું અને રિયાધની શાળાઓને ઓનલાઈન કરી દીધી હતી. આના એક દિવસ પહેલા જ થયેલા મિસાઈલ હુમલામાં ૧૨ લોકોના મોત થયા હતા અને ૩૦૦થી વધુ ઘાયલ થયા હતા. સાઉદી અરેબિયામાં ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું હતું કે આ

...અનુસંધાન પાના 2 પર ➲

# મહત્વની પરીક્ષા સમયે રેલી-સરઘસ પર રોક લગાવો : સંસદીય સમિતિ

**સંસદીય** સમિતિએ એનટીએમાં સુધારાઓ માટેનો અહેવાલ રજૂ કરતી વખતે કરેલી મહત્વની ભલામણ

**સમિતિએ** એનટીએ અને શિક્ષણ મંત્રાલયની બિનકાર્યક્ષમતા અંગે કરેલી ટકોર બાબતે કોંગ્રેસે મોદી સરકારને વખોડી

નવી દિલ્હી, ૧૧ ઓક્ટોબર (PTI): સંસદીય સમિતિએ ભલામણ કરી છે કે મહત્વપૂર્ણ સ્પર્ધાત્મક પરીક્ષાઓના દિવસોમાં જિલ્લા વહીવટીતંત્રે કોઈપણ રેલી, સરઘસ કે જાહેર સભા માટેની મંજૂરી ન આપવી જોઈએ, જેથી ટ્રાફિક વ્યવસ્થિત રહે અને કાયદો-વ્યવસ્થિત વ્યવસ્થા અગાઉથી જ ગોઠવી શકાય અને કોઈ પણ ઉમેદવાર બહારની અડચણોથી પ્રભાવિત ન થાય.

આ ભલામણ રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિકની અધ્યક્ષતાવાળી શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત અંગેની સંસદીય સ્થાયી સમિતિ દ્વારા શુક્રવારે રાજ્યસભાના અધ્યક્ષ સમક્ષ 'નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)માં સુધારા અને તેને મજબૂત બનાવવી' અહેવાલ રજૂ કરતી વખતે કરવામાં આવી હતી. આ અહેવાલ NEET પેપર લીક અને NTAમાં કથિત વહીવટી ખામીઓને

...અનુસંધાન પાના 2 પર ➲

તા. ૧૧-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૭૬૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૬.૨ સે. | ૨૨.૬ સે. | ૩૭% |

# ટ્રમ્પના રશિયા ડીઝલ કરારને રોકવા રિપબ્લિકન સાંસદો ખરડો રજૂ કરશે

**રશિયા** પાસેથી ઓઇલ ખરીદનાર દેશો પર ટેરિફ લાદવા કાયદો લાવ્યા બાદ હવે પોતે રશિયા પાસેથી ડીઝલ ખરીદવા નીકળતા ટ્રમ્પ સામે તેમના જ પક્ષમાં પણ ભારે નારાજગી છે

વોશિંગ્ટન, તા. ૧૧(PTI): રિપબ્લિકન કોંગ્રેસમેન બ્રાયન ફિટ્ઝપેટ્રિકે જાહેરાત કરી છે કે તેઓ પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથેની વાતચીત બાદ રશિયન ડીઝલ પરથી પ્રતિબંધો હટાવવાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પગલાને રોકવા માટે એક દ્વિપક્ષીય બિલ લાવશે.

ફિટ્ઝપેટ્રિકના આ પગલાને વિદાય લઈ રહેલા નેબ્રાસ્કાના રિપબ્લિકન કોંગ્રેસમેન ડોન બેકનનું સમર્થન મળ્યું છે, જેમણે આ કાયદાના સહ-પ્રાયોજક બનવાનું નક્કી કર્યું છે. જો કે, આ પગલું મોટે ભાગે પ્રતીકાત્મક જણાય છે કારણ કે યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ(પ્રતિનિધિ સભા) પાસે તેને પસાર કરવા માટે માત્ર થોડા જ મહિના બાકી છે, કારણ કે હાઉસની મુદત જાન્યુઆરીમાં સમાપ્ત થાય છે. કોંગ્રેસના યુક્રેન કોકસના સહ-અધ્યક્ષ ફિટ્ઝપેટ્રિકે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "અમે રશિયન તેલની તમામ ખરીદી પર પ્રતિબંધ મૂકવા માટે દ્વિપક્ષીય કાયદો રજૂ કરીશું." તેમણે ઉમેર્યું, "આનું નામ 'રોનલ્ડ રીગન પીસ થ્રુ સ્ટ્રેન્થ એક્ટ' રાખવામાં આવશે. તેને ડિસ્ચાર્જ પ્રક્રિયા દ્વારા ફ્લોર પર લાવવાની ફરજ પાડવામાં આવશે અને તે ભારે બહુમતીથી પસાર થશે."

બેકને એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "હું પહેલેથી જ મૂળ સહ-પ્રાયોજક બનવા માટે સંમત થયો છું. કોંગ્રેસે મક્કમ વલણ અપનાવવું જ પડશે." બેકન 3 નવેમ્બરે યોજાનારી મિડટર્મ ચૂંટણીમાં પુનઃ-ચૂંટણી લડી રહ્યા નથી. ઉલ્લેખનીય છે કે શુક્રવારે પુતિન સાથે ફોન પર વાતચીત કર્યા પછી, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે

...અનુસંધાન પાના 2 પર ➲

# દિલ્હી ગુરુદ્વારા સંસ્થાએ આપ નેતાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): દિલ્હી શિખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટી (ડીએસજીએમસી) દ્વારા રવિવારે પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ સહિત આમ આદમી પાર્ટી (આપ)ના નેતાઓ સામે બાંગ્લા સાહિબ ગુરુદ્વારામાં કથિત હંગામા અને ચૂંટણી કમિશનર (સીઈસી) વિરુદ્ધના વિરોધ પ્રદર્શન દરમિયાન 'ગેરમાર્ગે દોરતા' વીડિયો વાયરલ કરવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શનમાં જોડાવા જતી વખતે શનિવારના રોજ ગુરુદ્વારા પરિસરમાં મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ એકત્રિત થયા હતા. જોકે, તેમના આ પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

ડીએસજીએમસી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આમ આદમી પાર્ટી (આપ) સાથે જોડાયેલા કાર્યકરો અને સમર્થકો ગુરુદ્વારા પરિસરમાં પ્રવેશ્યા હતા અને ત્યાં વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું, જેના કારણે અરાજકતા અને અશાંતિ સર્જાઈ હતી અને આમ 'ગુરુ ઘર'ની પવિત્રતાનો રાજકીય હેતુ માટે ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, "પ્રદર્શનકારીઓએ પવિત્ર પરિસરની અંદર રાજકીય સૂત્રોચ્ચાર પણ કર્યા

...અનુસંધાન પાના 2 પર ➲